# ગ્રામ્ય કક્ષાએ પીવાનું પાણી પુરૂ પાડવા રાષ્ટ્રીય સ્વજલધારા કાર્યક્રમ આશીર્વાદ રૂપ

## ડીસામાં રૂ. ૩૮૩ લાખના ખર્ચે ૨૫ યોજના મંજુર

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના પ્રજાજનોને ઘર આંગણે જ પીવાનું ચોખ્ખુ પાણી આપવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ત્યારે કેન્દ્ર પુરસ્કૃત રાષ્ટ્રીય સ્વજલધારા કાર્યક્રમ યોજના ગ્રામ કક્ષાએ પાણી પુરૂ પાડવા આશીર્વાદરૂપ થઈ રહી છે એમ પાણી પુરવઠા રાજ્યમંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું છે.

વિધાનસભા ખાતે દીયોદરના ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે ડીસા તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અન્વયેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ કહ્યું કે, જનભાગીદારીથકી ચાલતી સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગામડાને પીવાનું ચોખ્ખુ પાણી પુરૂ પાડવામાં આવે છે. તે માટે ૪૫ ટકા કેન્દ્ર સરકાર ૪૫ ટકા રાજ્ય સરકાર અને ૧૦ ટકા જન ભાગીદારી દ્વારા ફાળો લેવામાં આવે છે. આ યોજના હેઠળ ડીસા તાલુકામાં રૂ. ૩૮૩ લાખના ખર્ચે ૨૫ યોજનાઓ મંજુર કરવામાં આવી છે. તેમાં એક યોજના પૂર્ણ થઈ છે. અને ૨૪ કામો પ્રગતિમાં છે. આ કામોમાં સ્થાનિક કક્ષાએ પાણી સમિતિની રચના કરવામાં આવે છે. મંત્રીશ્રીએ કહ્યું કે, ગ્રામ્ય સ્તરે પાણી પુરૂ પાડવા માટે રચાતી આ સમિતિમાં ૧૦થી ૧૨ સભ્યોની સંખ્યા હોય છે અને ૧/૩ મહિલાઓ આમાં સભ્યછે. આ સમિતિ ગ્રામ્ય પંચાયત વિસ્તારમાં પાણીના સ્ત્રોતની ચલમણી પાઈપલાઈન ટાંકીની વ્યવસ્થા માટે સ્થાનિક કક્ષાએ કલેકટરના સંપર્કમાં રહીને કામ કરે છે. રાષ્ટ્રીય સ્વજલધારા કાર્યક્રમ હેઠળ આદિવાસી વિસ્તારોને પ્રાધાન્ય આપવામાં આવે છે. અને સો એ સો ટકા સહાય સરકાર પૂરી પાડે છે.

# ડીસા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરાશે


પાલનપુર, તા.૧૫

આગામી તા. ૧૫ મી ઓગષ્ટના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા મુકામે આવેલ ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવશે. ૧૫મી ઓગષ્ટની ઉજવણીની તૈયારીઓના ભાગરૂપે પાલનપુર ખાતે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, પોલીસ પરેડ, સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન, સ્વચ્છતા અને સફાઈની વિશેષ ઝુંબેશ, પાણીની વ્યવસ્થા, રોશની શણગારની કામગીરી અને રંગરોગાન, બ્લડ ડોનેશન કેમ્પ, વિકાસ કામોના ખાત મુહુર્ત અને લોકાર્પણ, અશ્વદળ કાર્યક્રમ, -ભાત ફેરી, વૃક્ષારોપણ, રમતગમત અને શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ મેળવાનારાઓનું સન્માન તથા તાજેતરમાં યુ.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરીને રાષ્ટ્રીયકક્ષાએ જિલ્લાનું નામ રોશન કરનારા શ્રી અનિલકુમાર રામજીભાઈ રણાવાસીયાનું સન્માન કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું તા.૧૩ ના રોજ કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવશે તેમાં બધા જ વિભાગના અધિકારીઓ હાજર રહી પોતપોતાની કામગીરી સારી રીતે બજાવશે.



બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી ડી.એ.શાહ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એસ.એન.ગામીત, -યોજના વહીવટદારશ્રી રાઠોડ, -ાંત અધિકારીશ્રી જે.બી.દેસીઈ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શબ્દાવલી - ૫૪૪૮



### આડી ચાવી

૧. તકરાર , બોલાચાલી (૪)
૪. ઘટવું તે, દફનાવવું (૩)
૬. સોનાની શુદ્ધતાનું માપ(૨)
૭. ગલી, શેરી (૪)
૮. દૂધી, નેઇ (૨)
૯. વાહન (૨)
૧૧. ચલમ, હુક્કો (૨)
૧૩. દુઃખ, દર્દ (૨)
૧૫. એક પ્રસિદ્ધ ભક્ત કવિ અને જ્ઞાની સંત (૩)
૧૬. સમજશક્તિ, નાનું ડગળું(૩)
૧૮. સૂર્ય, ભાસ્કર (૪)
૨૧. પારકુ (૩)
૨૨. યશ, કિર્તી (૨)
૨૩. સગાઇ, સંબંધ (૪)
૨૪. આલિંગન, ભેટવું તે (૨)

### ઊભી ચાવી

૧. કેસ, મુકદમો (૩)
૨. કમ્મરથી રહી જવું તે (૪)
૩. આકાશને આંબે તેવી (૫)
૪. કૃપા, અનુકંપા (૨)
૫. શિકાયત, ગીલા (૪)
૧૦. 'પાનખર' શબ્દ આડોઅવળો થઇ ગયો છે (૪)
૧૨. ભીડ, સમુહ (૩)
૧૪. કડકાઇ, હાઉ (૩)
૧૫. અત્યારે હળાહળ ચાલી રહ્યો છે (યુગ) (૪)
૧૭. મિલ્કત, વારસો (૩)
૧૯. કંટાળેલું, હારેલું (૨)
૨૦. કલા, હુન્નર (૩)

### શબ્દાવલી ૫૪૪૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) બગડ્વું (૩) આરઝુ (૫) ગોરા (૬) ભાસ (૯) ધરાર (૧૧) ગીચોગીચ (૧૩) નાખ (૧૪) ટટાર (૧૫) સીતા (૧૮) રપત (૧૯) યાળ (૨૦) લક (૨૩) ખડક (૨૪) ફુલવાડી

**ઊભી ચાવી :-** (૧) બડભાગી (૨) ડફ (૩) આરાધના (૪) ઝુમર (૭) સચોટ (૮) કચરપટ્ટી (૧૦) રાખસીયા (૧૨) ગીટાર (૧૬) તાળફડી (૧૭) પાલખ (૨૧) કડ (૨૨) ખાલ



ગણેશ ઉત્સવ નજીક છે ત્યારે ગુલબાઈટેકરા વિસ્તારમાં ભગવાન ગણેશની મુર્તિઓને આખરી ઓપ આપવાની કવાયત ચાલી રહી છે

# તલોદમાં ખુલ્લેઆમ રખડતા ઢોરોથી રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

## આવન-જાવન માર્ગો ઢોરોથી ચક્કાજામ : મુસાફરો મુશ્કેલીમાં

તલોદ, તા. ૧૫

તલોદ પાલિકામાં રખડતા ઢોરોથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આવન-જાવન વાળા જાહેરમાર્ગો પર ઢોરોની જમાવટથી મુસાફરો મુશ્કેલીમાં મુકાય છે. ઘણીવાર ઢોરે મદમસ્ત બની જતા લોકોને જખ્મી પણ બનાવે છે. ગલીઓ અને મહોલ્લાઓમાં ઢોરો ચક્કાઝામ કરી ઉભા રહી જતા ગંદકીભર્યુ પણ વાતાવરણ ઉભુ કરી દે છે. તંત્ર દ્વારા આવા રખડતા ઢોરોને ઝબ્બે કરી ઢોર માલિકોને દંડીત કરવાના પ્રયાસો આદરવા તલોદના રહિશોની ઉગ્ર માંગ છે.

તલોદ પાલિકામાં ગિચ વિસ્તારોથી માંડીને જાહેર માર્ગો પર ચોવિસે કલાક રખડતા ઢોરો રહિશોના જન-જીવન પર માઠી અસર પહોંચાડે છે. વારંવાર મદમસ્ત બનેલા ઢોરો નજીવી હરકતોથી લોકોને જખ્મી પણ બનાવ્યા છે. ઘરડા લોકોને આવા ઢોરોએ સિવિલ ભેગા પણ કરી દીધા છે. જખ્મી લોકો આવા ખૂલ્લેઆમ છોડી મુકતા ઢોરોને ઝબ્બે કરવા અને માલિકોને ઢોરો છોડી મુકવા અંગે દંડીત કરવાના પ્રયાસો આદરવા જોઈએ. નાના-મોટા વ્હિકલો અને બાળકો પણ ભયભીત બન્યા છે. કેટલાકના ઘર આગળ જ અડીંગા જમાવી બેઠેલા ઢોરો મદમસ્ત બની જતા આજુબાજુથી તેમનું કૃત્ય જોવા લોકો એકઠા પણ થઈ જાય છે.

તલોદ પાલિકાના કેટલાક માર્ગો પર ઢોરની દિવસે-દિવસે આવન-જાવન વધવા પામી છે. ઠેર-ઠેર ઢોરોના અડિંગા અને સમૂહોમાં ફરતા લોકોના આવન-જાવન મુશ્કેલીમાં મુકાયા છે અને ઝખ્મી હોવાનો ભય પણ ફેલાયો છે. ઘણીવાર આવા મદમસ્ત બનેલા ઢોરોના ધિંગાણાથી રહિશોને ઘરમાં ઘુસી જવું પડે છે. સત્વરે તલોદ પાલિકા આવા મદમસ્ત ઢોરો અને ઢોર માલિક વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવી જોઈએ.

# આનંદીબેન પટેલનું અભિવાદન

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગુજરાત વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવેલા બનાસકાંઠા, વલસાડ, સુરત શહેર અને પંચમહાલ જિલ્લાના ૧૫૦ ઉપરાંત કાર્યકર્તાઓએ શુભેચ્છા મૂલાકાત લીધી હતી.પંચમહાલ જિલ્લાની મહિલાશકિતએ પણ વિધાનસભાની કાર્યવાહી જોયા બાદ મુખ્યમંત્રીશ્રીને રૂબરૂ મળીને મહિલા કલ્યાણની અનેક યોજનાઓ બજેટમાં આપવા અંગે મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યુ હતું. શ્રેયસ વિદ્યાલય વડોદરાના વિદ્યાર્થીઓએ પણ વિધાનસભાની -શ્નોત્તરી નિહાળી હતી અને મુખ્યમંત્રીશ્રીને મળીને આશીર્વાદ- શુભેચ્છા -ાપ્ત કર્યા હતા. આ -સંગે મંત્રીશ્રી રમણભાઈ વોરા, રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી જયદ્રથસિંહ પરમાર તેમજ સુરત શહેર, વલસાડ અને વડોદરાના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

# ઈન્કમટેક્ષ ઈન્ડિયા નામ પરથી આવતા મેઈલથી ચેતવા સૂચન

## સાયબર ક્રાઈમ હાલ ખૂબ સામાન્ય બની ગયું : ઠગ લોકો બેન્ક એકાઉન્ટની વિગતો મેળવવા થયા સક્રિય

અમદાવાદ, તા.૧૫

સાયબર ક્રાઈમ હાલ ખૂબ સામાન્ય બની ગયું છે. હેકરો પ્રાઈવેટ કંપનીઓથી માંડી સરકરી વિભાગોના નામે અવનવી નકલી જાહેરાતો કરી ક્રાઈમ રહ્યા છે. હેકરોએ લોકોના પૈસાનો હિસાબ-કિતાબ રાખતુ ઈન્કમટેક્ષ વિભાગ પણ બચ્યું નથી. સીબીડીટીએ એક નોટિફિકેશન બહાર પાડી લોકોને ચેતવણી આપી છે કે સીબીડીટીના નામે બોગસ મેઈલ મોકલવામાં આવી રહ્યા છે. હાલમાં incometaxindia.gov.india@gmail.com દ્વારા જે મેઈલ મોકલવામાં આવી રહ્યા છે તે તમામ મેઈલ નકલી છે.

સીબીડીટીના એક નોટીફિકેશન મુજબ જી-મેઈલ, યાહુ તથા હોટ મેઈલના મેઈલ બોક્સમાં સીબીડીસ દ્વારા કોઈ મેઈલ મોકલવામાં આવતા નથી છતાં હેકરો દ્વારા સાયબર ક્રાઈમને અંજામ આપવા અને લોકોને છેતરવા સીબીડીટીના નામનો ઉપયોગ કરી ક્રાઈમ કરવામાં આવી રહ્યું છે. ઘણા લોકો હેકરો દ્વારા કરવામાં આવતા નકલી મેઈલ ઈન્કમટેક્ષ વિભાગના હોવાનું અનુમાન કરી રિપ્લાય આપી રહ્યા છે આ મેઈલ દ્વારા વ્યક્તિગત બેંક એકાઉન્ટની માહિતી ઠગ લોકોના હાથમાં જવાથી ઘણા નુકશાન થઈ શકે છે. સીબીડીટીએ ઈન્કમટેક્ષ વિભાગના નામે આવતા, નકલી મેઈલની ફરિયાદ www.incometaxindia. gov.in પર કરવા સૂચના આપી છે. વધુમાં નકલી ઈમેઈલમાં મોકલવામાં આવતી ફાઈલ ડાઉનલોડ ન કરવા અંગેની પણ સુચના આપવામાં આવી છે. આ મેઈલમાં વાઈરસ હોવાથી લોકોને સચેત રહેવા જણાવાયું છે.

## વિધાનસભામાં....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**● દહેગામમાં પશુઆરોગ્ય મેળા**

ભાજપના જ શ્રી શંભુજી ઠાકોરે કૃષિ મહોત્સવ ૨૦૧૩માં જિલ્લાના દહેગામ તાલુકામાં યોજાયેલા પશુ આરોગ્ય મેળા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલનમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે દહેગામ તાલુકામાં ૨૩ પશુ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પશુ આરોગ્ય મેળામાં ૩,૪૪૭ જેટલા પશુઓને વિવિધ રોગોની સારવાર આપવામાં આવી હતી. તેમજ ૯૧,૭૦૯ પશુઓનું રસીકરણ પણ કરવામાં આવ્યું હતું.

**● મેટ્રો-રેલ પ્રોજેક્ટ**

કોંગ્રેસના શ્રી રામસિંહ પરમારે ૩૧-૫-૧૪ની સ્થિતિએ અમદાવાદ ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી કયા તબક્કે છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ ફેઝ-૧ નો ડીપી આર તૈયાર કરી કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. જે હવે કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલવામાં આવેલ છે અને જે હાલ મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. આ કામગીરી પાછળ રૂ. ૫૮૭.૫૨ કરોડનો ખર્ચ અત્યાર સુધીમાં થઈ ચુક્યો હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● પોલીસના રહેણાંક મકાનો**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક મકાનોના નિર્માણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪ માં કુલ ૩૬ મકાનો બનાવવામાં આવ્યા છે. જેની પાછળ રૂ. ૨૯૩.૪૬ લાખનો ખર્ચ થયો છે.

આજ સભ્યએ બિન રહેણાંકના પૂર્ણ કરાયેલા કામો અંગે પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૨૦૧૩-૧૪માં ૨ અને ૨૦૧૨-૧૩માં એમ બે વર્ષમાં બે મકાનોનું કામ પૂર્ણ થયેલ છે.

આ બે મકાનોના કામ પાછળ રૂ. ૨૩૫.૪૮ લાખનો ખર્ચ થયો છે.

# વાઈબ્રન્ટ ગુજરાતના ૧૪૯૧ પ્રોજેક્ટો રદ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક અને સિધ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે આજ રોજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૩માં સેક્ટર પ્રમાણે એમઓયુના અમલીકરણના સંદર્ભમાં મુખ્યમંત્રી (ઉદ્યોગ) દ્વારા જણાવાયું હતું કે, કુલ ૧૭૭૧૯ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં ૨૪ લાખ કરોડના રોકાણો થવાના હતા. આની સામે ૧૪૯૧ પ્રોજેક્ટો ડ્રોપ થયા છે. એટલે કે ૮.૪૨ ટકા પ્રોજેક્ટો ડ્રોપ થયા છે. આને કારણે રાજ્ય સરકારના લાખોની રોજગારીના અંદાજો ખોટા પડ્યા છે. ૧૦૧૭૬ એકમો ઉત્પાદનમાં ગયેલ છે અથવા તો અમલીકરણ હેઠળ છે. બાકીના ૬૦૫૨ પ્રોજેક્ટો કઈ સ્થિતિમાં છે તે અંગેના અહેવાલો ગૃહ સમક્ષ રજુ કરવામાં આવ્યા નથી. એટલે કે રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૩ દરમ્યાન અંદાજીત ૭૫૪૩ પ્રોજેક્ટો પડતા મુકાયા હોવાનો અંદાજ રાજપૂતે આપ્યો હતો.

# ફેબ્રુઆરીમાં નવી ૧૦૧૫ બસો સંચાલનમાં આવશે

## અમદાવાદ,મહેસાણા, સુરત,વડનગરને આંતરરાષ્ટ્રીય કક્ષાના આધુનિક કરાશે : વિધાનસભામાં માહિતી અપાઈ

ગાંધીનગર, તા.૧૫

રાજ્યના અંતરીયાળ ગામોને પરિવહન સેવા મળે અને ગ્રામ્ય કનેક્ટીવીટી મજબુત થાય તે હેતુથી ગુજરાત સરકરા દ્વારા આ વર્ષે નવી ૯૫૦ એસટી બસો સંચાલનમાં મુકવામાં આવશે. રાજ્યના વિવિધ બસ સ્ટેશનોનું મુસાફરલક્ષી સુવિધા સાથે રૂા. ૯૦ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે. વાહનવ્યવહાર મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, એસટીના મુસાફર પાસેથી રૂા. ૧૭.૫ ટકા પેસેન્જર ટેક્ષ લેવાતો હતો, મુસાફર જનતાને ભાડામાં રાહત થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પેસેન્જર ટેક્ષ ઘટાડીને રૂા. ૭.૫ ટકા કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. ગુજરાતમાં દૈનિક ૨૩ લાખ પેસેન્જરોને પરિવહનની સુવિધા પુરી પાડતું ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દૈનિક ૨૮ લાખ કિલોમીટર એસટી બસ સંચાલન કરે છે. છેલ્લા ૫૪ વર્ષોથી રાજ્યની પ્રજાને પોષાય તેવી સાલમત પરિવહન સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે. મંત્રી નિતિન પટેલે જણાવ્યું હતું કે, એસટી સેવાઓને નફાના સાધન તરીકે નહીં પરંતુ સામાજીક જવાબદારીના ભાગરૂપે લેવામાં આવી રહી છે અને આ માટે રાજ્ય સરકારે અંદાજપત્રમાં રૂા. ૧૪૦૦ કરોડની જોગવાઈ કરી છે. કોમ્પ્યુટરાઈઝેશન અન અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા એસટી સંચાલનની કામગીરી ઝડપી અને અસરકારક બનાવવાનું આયોજન છે. એમ કહીને પટેલે જણાવ્યું હતું કે, જુની મશીનરી બદલીને ઓટોમાઈઝેશનનું આયોજન છે. ૫૦ બસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા આધારીત વીજીલન્સ સર્વેલન્સ સીસ્ટમ ઉભું કરવાનું આયોજન છે એટલું જ નહીં અમદાવાદ, મહેસાણા અને સુરતના બસ સ્ટેશનોને પીપીપીના ધોરણે આધુનિક બસ સ્ટેશન બનાવવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. મહત્વની જાહેરાત કરતાં નીતિન પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ, સુરત, વડોદરા અને મહેસાણા ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના નમુનેદાર બસ સ્ટેશનો વિકસાવવાનું આયોજન છે. ૨૨ શહેરોમાં જુના બસ સ્ટેશનની જગ્યાએ નવીન પાકા બસ સ્ટેશન બનાવવાની કામગીરી પ્રગતિ છે. તેમણે ઉમેર્યુ હતું કે, દર મહિને ૫૫ નવી બસો ઉત્પાદીત થઈને સંચાલનમાં મુકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી-૨૦૧૫ સુધીમાં ૧૦૧૫ નવી બસો સંચાલનમાં આવશે. ઉત્તમ ડિઝલ પ્રતિ કિમી ૫.૪૯ મેળવવા માટે સમગ્ર દેશમાં ગ્રામ્ય સંચાલનમાં એસટીને વર્ષ ૨૦૦૯-૧૦થી સળંગ ચાર વર્ષથી વીનર એવોર્ડ પણ મળ્યો છે.

# સમગ્ર ગુજરાતમાં સીવીએમસંચાલિત મહિલા ઈજનેરી કૉલેજ ત્રીજા ક્રમે

વલ્લભ વિદ્યાનગર, ૧૫ જુલાઈ'૧૪

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)સંચાલિત ગુજરાતની પ્રથમ મહિલા ઈજનેરી કૉલેજ એમબીઆઈસીટી છેલ્લા સેમિસ્ટરનાં પરિણામમાં સમગ્ર ગુજરાતની ૮૬ ઈજનેરી કૉલેજોમાં ૯૭.૧૯%સાથે ત્રીજા ક્રમે આવી હોવા બદલ સીવીએમના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલે કૉલેજનાં આચાર્ય તથા અધ્યાપકગણને તેમ જ તેજસ્વી વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી(જીટીયુ)એ તાજેતરમાં જાહેર કરેલાં સ્નાતક ઈજનેરી અભ્યાસક્રમના છેલ્લા સેમિસ્ટરનાં પરિણામમાં એમબીઆઈસીટી પરીક્ષામાં બેઠેલી કુલ ૪૬૩ વિદ્યાર્થીનીઓમાંથી ૪૫૦ વિદ્યાર્થીનીઓ પાસ થતાં આ કૉલેજે સમગ્ર ગુજરાતની જીટીયુસંલગ્ન કૉલેજોમાં ત્રીજા ક્રમે આવીને ચારુતર વિદ્યામંડળનું ગૌરવ વધાયુઁ હોવાનું એમબીઆઈસીટીનાં આચાર્ય ડૉ.શેફાલી સિંહલે જણાવ્યું હતું.

ગુજરાતની સૌપ્રથમ મહિલા ઈજનેરી કૉલેજમાં પાંચ કૉમ્પ્યુટર સંબંધિત શાખાઓમાં સ્નાતક ઈજનેરી અભ્યાસક્રમ ચલાવાય છે. સીઈ, આઈટી, સીએસઈ, આઈસીટી અને ઈસી શાખામાં તેજસ્વી અને નિ"ણાત અધ્યાપકગણ દ્વારા શિક્ષણ અને તાલીમ પામેલી અહીંની મહિલા ઈજનેરોને ટીસીએસ, માઈક્રોસોફ્ટ, આઈબીએમ સહિતની કંપનીઓમાં નોકરી માટેની ઉજજવળ તકો ઉપલબ્ધ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ઉચ્ચ તંત્રજ્ઞાનની સુવિધાઓ ધરાવતી આ કૉલેજમાં વિદ્યાર્થીનીઓ માટે સલામત શિક્ષણનો માહોલ ઉપલબ્ધ છે.



કોંગ્રેસના કાર્યકરો પોલીસ સાથે ઘર્ષણ અને પોલીસના વલણને લઈને પોલીસ અધિકારી સમક્ષ રજૂ કરવા પહોંચ્યા હતા.

# શિક્ષક બનવા માટે ફરજિયાત ટાટનું ૨૭મીએ આયોજન હશે

## વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે અમદાવાદ આવવું પડશે : ચિત્ર વિષયનાં ઉમેદવારો માટે ગુજરાતમાં માત્ર એક કેન્દ્ર

અમદાવાદ, તા.૧૫

માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે ફરજીયાત એવી ટાટની પરીક્ષા આગામી ૨૭મી જુલાઈના રોજ લેવાનું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે ત્યારે આ પરીક્ષામાં ચિત્ર વિષયના ઉમેદવારો માટે રાજ્યની એકમાત્ર અમદાવાદમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે જેથી રાજ્યનાં તમામ વિસ્તારોના ચિત્રના ઉમેદવારોએ ટાટની પરીક્ષા આપવા અમદાવાદ સુધી લાંબા થવું પડશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે ફરજીયાત એવી ટાટાની પરીક્ષા ૨૭મી જુલાઈના રોજ લેવામાં આવનાર છે ત્યારે આ પરીક્ષામાં ચિત્ર વિષયના તમામ ઉમેદવારો માટે રાજ્યમાં એકમાત્ર અમદાવાદમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. અમદાવાદમાં એલીસબ્રીજ ખાતે આવેલ ગુજરાત કોલેજ અને શાહીબાગ વિસ્તારમાં આવેલ એચબીકે ન્યુ હાઈસ્કુલ ખાતે આ પરીક્ષા લેવામાં આવશે. જોકે ચિત્રની પરીક્ષાનું રાજ્યમાં એકમાત્ર પરીક્ષા કેન્દ્ર ફાળવાતા અંતરીયાળ વિસ્તારોના ઉમેદવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના તમામ અંતરીયાળ વિસ્તારોના ટાટની પરીક્ષા ચિત્રનાં વિષય સાથે આપી રહેલા ઉમેદવારોએ છે. અમદાવાદ સુધી લાંબા થવું પડશે જેના કારણે અનેક ઉમેદવારોના નાણાં સમય અને શક્તિનો વય થશે ત્યારે રાજ્યમાં માત્ર એક પરીક્ષા કેન્દ્રથી ચિત્ર વિષયની ટાટની પરીક્ષા લેવાના શિક્ષણ બોર્ડના નિર્ણય સામે ઉમેદવારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.



### ટુંકી મુદતની જાહેર નિવિદા - ૨૦૧૪-૧૫

**નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ**
**જિલ્લા પંચાયત, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગર - ૩૮૨૦૧૭ દ્વારા નીચે જણાવેલ કામોના ટેન્ડર માંગવામાં આવે છે. જેની કોરી ટેન્ડર કોપી અત્રેની કચેરીમાં રૂબરૂમાં તા. ૨૨/૭/૨૦૧૪ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય નિયત ટેન્ડર ફી ભરી મેળવી લેવાની રહેશે. ભરેલ ટેન્ડર તા. ૩૦/૭/૨૦૧૪ સુધીમાં રજીસ્ટ્ર પોસ્ટ દ્વારા પહોંચાડવાની રહેશે. ટેન્ડર કોપી જે તે તાલુકાની મંડળીએ જ ભરવાના રહેશે.

| અ. નં. | કામનો નંબર | કામની વિગત | (૧) અંદાજીત રકમ રૂ. (૨) બાનાની રકમ રૂ. (૩) ટેન્ડર ફી રૂ. (૪) શ્રેણી |
| --- | --- | --- | --- |
| ૧. | ૧ | જિલ્લા પંચાયત, ગાંધીનગરના માન. ઉપપ્રમુખશ્રીની ચેમ્બરના રીનોવેશન કરવાનું કામ | (૧) ૨,૪૬,૮૦૩.૫૮ (૨) ૨૫૦૦/- (૩) ૬૦૦/- (૪) જે તે તાલુકાની બ-વર્ગ અને ઉપરની મંડળીઓ |
| ૨. | ૨ | જિલ્લા પંચાયત, ગાંધીનગરની દક્ષિણ બાજુની તૂટી ગયેલ કમ્પાઉન્ડ વૉલનું રીપેરીંગનું કામ | (૧) ૯૪,૩૫૩.૬૧ (૨) ૧૦૦૦/- (૩) ૬૦૦/- જે તે તાલુકાની ક-વર્ગ અને ઉપરની મંડળીઓ |

સહી/-
**નાયબ કાર્યપાલક ઈજનેર**
પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર

માહિતી/૭૧૯/૧૪-૧૫